# આસામમાં એનઆરસી સામે ઊહાપોહ

**તંત્રીસ્થાનેથી...**

આસામ ભારતનો પૂર્વોત્તર પ્રદેશ, જેમાં અગાઉના પૂર્વ પાકિસ્તાન અને વર્તમાન બાંગ્લાદેશના નાગરિકો કાં તો વખાના માર્યા અથવા આજીવિકાર્થે આવીને વસી ગયા છે. વિભાજન વખતે પૂર્વ પાકિસ્તાનમાં હિંદુઓ પર કાળો કેર વરતાવાયો હતો, જેની પ્રતિક્રિયા સ્વરુપે બંગાળ અને બિહારમાં મુસલમાનો પર હિંદુઓએ વેર વાળ્યું હતું. એ લોહિયાળ કત્લેઆમ રોકવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ભારતના સ્વાતંત્ર્ય દિવસે રાજધાની દિલ્હીમાં હાજર નહોતા રહી શક્યા. તેઓ આ હિંસાગ્રસ્ત વિસ્તારોમાં એમના જૂજ અંતેવાસીઓ (- જેમાં એક ડૉ. સુશીલા નૈયર (પ્યારેલાલજીના બહેન) હતા) સાથે પદયાત્રા કરી રહ્યા હતા. હિજરત કરીને ભારતમાં આવી ગયેલા હિંદુઓને સ્વાભાવિક રીતે જ ભારતીય નાગરિક ઘણી એ તમામ અધિકારો અપાયા હતા જે સામાન્ય ભારતીય નાગરિક બંધારણની રૂએ ભોગવે છે. ૧૯૭૧ના ભારત-પાક યુદ્ધ વખતે ઈંદિરા ગાંધીના આદેશથી જનરલ સામ માણેકશાના નેતૃત્વમાં ભાષાના નામે આઝાદ થવા માગતા બાંગ્લાદેશીઓને મદદ કરી અને પાકિસ્તાનની પૂર્વ પાંખ તૂટી ગઈ. અનેક શરણાર્થીઓ ત્યારે પણ ભારતમાં ઘૂસી આવ્યા હતા અને તે પછી આઝાદ થયેલા બાંગ્લાદેશમાંથી સતત આજીવિકાર્થે બંગાલ અને આસામની પોલી સરહદોમાં ઘૂસણખોરીનો સિલસિલો ચાલુ જ રહ્યો છે. બાંગ્લાદેશી ઘૂસણખોરોએ ભારતમાં અડ્ડો જમાવી આતંકવાદી સંગઠનોના એજન્ટ તરીકે પણ કામગીરી બજાવી છે. આ બધી બાબતો રાષ્ટ્રીય સુરક્ષાની રૂએ ઘણી જ ગંભીર બનતાં આસામમાં 'એનઆરસી' - નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન્સની કામગીરી શરૂ કરાઈ અને એની પાછળ કરોડોનું પાણી કરાયું. આખરે એવા નાગરિકોની તારવણી કરી એમને તગેડી મૂકવાની કાર્યવાહી હવે લગભગ એના અંતિમ તબક્કામાં પહોંચી છે ત્યારે ખુદ શાસક પક્ષ ભારતીય જનતા પાર્ટીના નેતાઓને એમાં ઘણું કાચું કપાઈ ગયું હોવાની દહેશત જાગી છે. ઓગણીસ લાખ જેટલા 'નાગરિકો' હવે ભારતીય નાગરિકો નહીં ગણાય - એ ઘૂસણખોર ગણાશે. અલબત્ત, એમને ટ્રિબ્યુનલમાં જઈ પોતે ૧૯૭૧ પહેલાંથી આસામમાં વસેલા હોવાનાં પ્રમાણો રજૂ કરી પોતે ભારતીય નાગરિક જ છે તેની સાબિતીઓ અને પુરાવા રજૂ કરવાની તક જરૂર અપાશે. એમને અદાલતમાં ઘા નાખવાની તક પણ રહેશે - પરંતુ જો આ તમામ પ્રયાસો પછી પણ એમનો મુદ્દો સ્વીકૃત નહીં થાય તો એમને ડિટેન્શન સેન્ટરોમાં રખાશે. આ નિર્ણયથી આસામના કેટલાક જિલ્લાઓમાં રીતસરનો આતંક ફેલાઈ ગયો છે. ૧૪૪મી કલમ લાગુ કરવી પડી છે. પાકિસ્તાન સામે જીવસટોસટ યુદ્ધ કરી ચૂકેલા આર્મીના માણસોથી લઈ કેટલાક હિંદુ હિજરતીઓના જીવ પડીકે બંધાયેલા છે. ગમે તે ક્ષણે સરકાર પોતાને વર્ષોથી જમાવેલ ધંધાપાણી છોડાવી ડિટેન્શન સેન્ટરમાં ધકેલી દેશે અને જીવતર ધૂળધાણી થઈ જશે - એવી દહેશત સાથે જીવી રહેલા નાગરિકત્વ ગુમાવવાની શક્યતા ધરાવતા લોકોની વહારે તરુણ ગોગોઈ જેવા પૂર્વ મુખ્યમંત્રીથી લઈ સોનોવાલ અને એમના ભાજપી સાથીઓ દોડી આવ્યા છે. ભાજપના પ્રદેશ પ્રમુખે તો હિંદુઓને નાગરિકત્વથી વંચિત કરવા રીતસરનું કાવતરું કરાયું હોવાનો આક્ષેપ કર્યો છે. કેન્દ્ર સરકારે મોટા ઉપાડે ઘૂસણખોરોને પકડી પકડીને જેલભેગા કરવાનું વચન આપેલું છે. આ જ બાબત આસામ વિધાનસભાનો મુખ્ય ચૂંટણી મુદ્દો બની ઊપસી હતી અને એથી સોનોવાલના નેતૃત્મમાં આસામમાં કેસરિયો લહેરાયો હતો. હવે એ જ મુદ્દો એમના ગળાની ફાંસ બની રહ્યો છે ત્યારે ભાજપી નેતાઓ ગાઈવગાડીને આશ્વાસનો આપી રહ્યા છે કે દરેકને હજી પોતાની નાગરિકતા પુરવાર કરવાની તકો મળવાની જ છે અને ગરીબોને મફત કાનૂની સહાય પણ પૂરી પડાશે.

# વનસ્પતિ - ઈશ્વરનું રૂપ છે

આ દુનિયામાં સમસ્ત જીવોમાં માનવી સર્વોપરિ છે અને તેનું સ્વાસ્થ્ય એ એની સર્વોત્તમ સંપત્તિ છે. માનવને સ્વસ્થ રાખવામાં વનસ્પતિઓનું અનોખું યોગદાન છે. ફકત્ માનવી નહીં પરંતુ તમામ પ્રાણીઓના રક્ષણ માટે વનસ્પતિઓ જરૂરી છે. ઈશ્વરે તેની દુનિયાને તેની વનસ્પતિઓને તેની કુદરતી સંપત્તિને પ્રાણીઓ ભોગવી શકે અને પોતાનો વંશવેલો જાળવી શખે એ માટે અદ્ભુત રચના કરી છે. વનસ્પતિઓ ખોરાક આપે છે, દવા આપે છે, વરસાદ લાવે છે, હવામાનને જીવવા માટે અનુકૂળ બનાવે છે. બળતણ અને ઈમારતી લાકડું આપે છે, સમગ્ર જીવોને પ્રસન્ન રાખે છે, સુખ સગવળના સાધનો આપે છે. આમ વનસ્પતિઓ સ્વભાવથી જ પરોપકારી છે. માનવી જન્મે ત્યારથી મૃત્યુ પામે ત્યાર સુધી વનસ્પતિઓને અધીન રહે છે.

ભારત વર્ષ ઉપર તો ભગવાનનો ખાસ અનુગ્રહ રહ્યો છે, કારણ કે આજ ભૂમિખંડો ઉપર શ્રીરામ ભગવાન ફર્યા હતા. વેદોમાં, મહાભારતમાં તથા રામાયણમાં અનેક પ્રકારની ઉત્તમ અને દિવ્ય વનસ્પતિઓનો ઉલ્લેખ છે. વેદોમાં વર્ણન છે કે વનસ્પતિઓ પણ અન્ય જીવો અને મનુષ્યોની જેમ હર્ષ, ખેદ અને જ્ઞાનનું પ્રદર્શન કરે છે. વનસ્પતિઓ ધારે ત્યારે ફળ, ફૂલ અને પર્ણો પ્રદાન કરી શકે છે. આપણા દેશમાં કોઈ પણ શુભ પ્રસંગે વનસ્પતિઓની હાજરી વગર સંપન્ન થતો નથી. જન્મ, લગ્ન, અભિષેક, પૂજા, કથા, હવન, યજ્ઞ વગેરેમાં વિવિધરૂપે વનસ્પતિઓ જ વપરાય છે. શ્રીરામ ભગવાનના અભિષેક વખતે અયોધ્યામાં મહારાજ દશરથના સામ્રાજયમાં તમામ આંબાના વૃક્ષો ઉપર ફળો, સોપારીના વૃક્ષો ઉપર સોપારી અને કેળાના વૃક્ષો ઉપર કેળા ઢગલાબંધ સુંદર ફળોથી શોભાવા લાગ્યા હતા. શ્રીરામ રાજા બનશે એ ખુશીના કારણે તમામ પ્રકારની વનસ્પતિઓ, છોડ-લતાઓ ફળ - ફુલથી શોભા પામવા લાગ્યા હતા અને તેમની ડાળીયો ફુલ ફળના વજનથી જમીનને સ્પર્શતી હતી એવું લાગતું હતું માનો વૃક્ષો ધરતી માતાને વંદન કરી રહ્યા હોય.

પ્રાચીન ભારતમાં માનવી જયારે રોગગ્રસ્ત થતો ત્યારે સૌ પ્રથમ વનસ્પતિઓને જ ઔષધરૂપે વાપરતો. પ્રાચીનકાળમાં ઉત્તમ અને પ્રખરજ્ઞાની વિદ્યમાન હતા. જેઓએ શ્રેષ્ઠ ઋષિ મુનિઓ દ્વારા ઔષધીય વનસ્પતિઓનું જ્ઞાન મેળવેલ હતું.

શુકનની વસ્તુઓમાં પણ વનસ્પતિઓ તો હોય જ છે. દા.ત. દરોડી (દુર્વા), કેળા (કદલી), નારીયેળ (શ્રીફળ), આંબાના પાન (આમ્ર), તલ, ઘઉં, જવ, હળદર, ચોખા (તાંદુલ), સોપારી, સંજીવની અરણી (અગ્નિમંથ), કમળ, બોરસલ્લી (બકુલ), કદમ, તજ, એગરવૃક્ષ, અમરકંદ, ચંદન, નાગરવેલ વગેરેનું હોવું શુભ પરિણામ અને શુકન કરે છે. આમ વનસ્પતિઓથી જગતને લાભ જ લાભ છે.

જેમ કપડા વગર ઘરેણાંનો વજન વ્યર્થ છે તે જ રીતે વનસ્પતિઓ વગરની જમીન / ધરતી શોભા પામતી નથી. શ્રીરામ પોતાના વનવાસ દરમિયાન જયાં જયાં રોકાણ કરતા હતા અથવા જે તે રસ્તે પસાર થતા ત્યાંની ચોતરફની વનસ્પતિઓ લીલીછમ્મ થઈ હતી. ફૂલથી સંપન્ન થઈ જતી એવી આશાથી કે કદાચ ભગવાનને ફૂલ ફળ કે દવાની જરૂર પડી જાય અને અમે (વનસ્પતિઓ) ધન્ય થઈ જઈએ. વનો, પર્વતોના સમૂહ અને વિવિધ વનસ્પતિઓને જોઈ શ્રીરામ ભગવાન પણ એવા ખુશ થતા જેમ ભૂખ્યો માણસ ભોજન જોઈને. શ્રીરામના વન નિવાસથી વનસંપત્તિ એવી સુશોભિત થતી કે જેમ પ્રજા સારા રાજાને પ્રાપ્ત કરીને સુખી થાય છે.

વૈદ્યરાજ માટે પણ વનસ્પતિઓ જ ભગવાનનું રુપ છે, કારણ કે આજ વનસ્પતિઓ તેમના ઔષધીય ગુણોના પ્રતાપથી તેમને યશ, કિર્તી અને ધન અપાવે છે. આપણું શરીર જેનાથી બનેલું છે એ પાંચ દ્રવ્યો પૃથ્વી, જળ, અગ્નિ, આકાશ અને વાયુ આ બધુ જ વનસ્પતિઓની અંદર છે. કોઈ પણ વનસ્પતિ નકામી નથી હોતી. દરેક વનસ્પતિ સ્વતંત્રતા, ચાતુર્ય, જ્ઞાન, સન્માન અને ત્યાગની મૂર્તિ છે. આટલી ઉપયોગી અને પૂજનીય વનસ્પતિઓને જે લોકો શિક્ષિત, સુખી અને સંપન્ન છે તેઓ જ ઓળખતા નથી. વનસ્પતિ પોતે જ એક વિજ્ઞાન છે, તે જડ નહિં ચેતન છે, મૂઢ નહીં જ્ઞાની છે. લાચાર નહીં સેવક છે તેને સ્પર્શનો અનુભવ થાય છે, તેને આભાસ થાય છે, જોઈ શકે છે સાંભળી શકે છે, રડી શકે છે, દુઃખ વ્યક્ત કરી શકે છે, તે અનેક રંગના ફૂલોથી સુશોભિત થઈ શકે છે, આનંદ વ્યક્ત કરી શકે છે, ચાલી શકે છે, વનસ્પતિઓ, પ્રાણીઓ કરતાં પણ વધુ ભાવનામય, સંવેદનશીલ, પરોપકારી અને નમ્ર છે.

ચાર વેદ પછીનો વેદ આયુર્વેદ છે. આયુર્વેદ એ આપણાં જીવનનો મુખ્ય આધાર છે. ધન્વંતરી ભગવાન આયુર્વેદને ધારણ કરે છે. આવી વનસ્પતિમય, સુંદર સૃષ્ટિ જેને રચી અને સુખ સુવિધાઓથી સજાવી એવા ભગવાન સચ્ચિદાનંદ શ્રીરામ અને ધન્વંતરી ભગવાનને કરોડ કરોડ વંદન.

- કે.એલ. દૂબે

# જો પોલીસ ફરીયાદ લખવાની ના પાડે તો કલમ ૧૬૬ મુજબ પોલીસને બે વર્ષની સજા થઈ શકે છે



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

કોઈપણ ઘટના બને અને પોલીસ સ્ટેશને ફરીયાદ લખાવા જાઓ ત્યારે પોલીસ અધિકારીઓ નાગરિકોની પ્રથમ માહિતી એટલે કે એફ.આઈ.આર. દાખલ કરવાની ના પડે છે તેવા અનુભવો લગભગ દરેકના જીવનમાં કયારેકના કયારેક બનતા હોય છે. પોલીસ એફ.આઈ.આર. લખવાની ના ના પાડે બહાના બતાવે અથવા ધક્કા ખવડાવે છે અગરતો કયારેક નાણાની માંગણી પણ કરે છે. પોલીસની હેરાનગતીના કારણે તેમજ તેમના પોતાના કાયદાકિય અધિકારોની જાણકારી ના હોવાના કારણે સામાન્ય નાગરિક એફ.આઈ.આર. નોંધાવ્યા વગર જ પરત ફરે છે. ઘણા કિસ્સામાં એફ.આઈ.આર. નોંધવાના બદલે પોલીસ ફકત સાદી અરજી લખીને ફરીયાદીને કાઢી મુકે છે માટે સામાન્ય નાગરિકોની કાયદાની સમજ વધે તેવા ઉદેશથી આ લેખમાં પોલીસ દ્વારા એફ.આઈ.આર. ન લખવામાં આવે તો સામાન્ય નાગરિક દ્વારા લેવામાં આવતા જરૂરી પગલાની જાણકારી આપેલ છે.

એફ.આઈ.આર.ને અંગ્રેજીમાં ફસ્ટ ઈન્ફોમેશન રીપોર્ટ તેમજ ગુજરાતીમાં પ્રથમ માહિતી અહેવાલ કહેવામાં આવે છે. જે કોઈપણ વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં જઈને કોઈપણ બનાવની કે ઘટનાની પોલીસ સમક્ષ જાહેરાત કરે અને તે બાબતને જાહેરાત મુજબ પોલીસ સી.આર.પી.સી.ની કલમ ૧૫૪ મુજબ ગુન્હાની નોંધણી કરે તેને એફ.આઈ.આર. કહેવામાં આવે છે.

કોઈ જગ્યાએ બે જણા વચ્ચે મારામારી થાય અને આ ઘટના અંગે જેને માર માર્યો હોય તેવી વ્યક્તિ જેણે માર માર્યો છે તેની સામે ફરીયાદ નોંધાવા પોલીસ સ્ટેશને જઈ બનાવની વિગત અને આરોપીના નામ તથા આરોપમાં વપરાયેલ સાધનોની માહિતી આપે તો પોલીસને આપેલ માહિતી પ્રથમ માહિતી કહેવાય છે. જેના આધારે પોલીસ તેના ચોપડામાં મારામારીના ગુન્હાની સી.આર.પી.સી. ની કલમ મુજબ આરોપી સામે એફ.આઈ.આર. દાખલ કરી ધરપકડ કરી શકે છે.

કોઈપણ ગુન્હો / ઘટના અપરાધ કે બનાવની પોલીસને લેખીતમાં કે મૌખીકમાં જાણ કરનાર વ્યક્તિને પોલીસ ફરીયાદી બનાવે છે અને ફરીયાદીએ આપેલ માહિતી ના આધારે પોલીસ સી. આર. પી.સી. ની કલમ ૧૫૪ મુજબ પોતાના રજીસ્ટરમાં નોંધ કરે છે તેને એફ.આર.આઈ. કહે છે જે રજીસ્ટરમાં નોંધ ના કરે તો તેને સાદી અરજી જ ગણવામાં આવે છે.

પોલીસ અધિકારીઓ દ્વારા ફરીયાદ નોંધવાની ના પાડવા બદલનું એક કારણ ગુન્હાનો પ્રકાર છે. ભારતીય દંડ સંહિતના કાયદા મુજબ જુદા જુદા ગુન્હાઓને મુખ્ય બે પ્રકારના વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે નોન કોન્ગીઝેબલ પ્રકારના ગુન્હામાં પોલીસ ફરીયાદ નોંધવાની ના પાડી શકે છે.

કોન્ગીઝેબલ ગુન્હા એટલે પોલીસ અધિકાર ક્ષેત્રના ગુન્હાઓ એટલે કે એવા ગુન્હાઓ કે જેમાં ગુન્હાના આરોપીને પકડવામાં તેમજ તે ગુન્હાની તપાસ કરવા માટે પોલીસને સત્તા છે.

કોન્ગીઝેબલ ગુન્હાની તપાસ કરવા અને આરોપીને પકડવા માટે પોલીસને મેજીસ્ટ્રેટ વોરંટની જરૂર રહેતી નથી. કોન્ગીઝેબલ ગુન્હામાં પોલીસ સી. આર. પી. સી. ની કલમ ૧૫૪ મુજબ એફ.આઈ.આર. નોંધી ગુન્હાની તપાસ ઝડતી અને આરોપીની અટક કરી શકાય છે. કોન્ગીઝેબલ ગુન્હાઓ એટલે ગંભીર પ્રકારના ગુન્હાઓ જેમાં ખુન, લુંટ, બળાત્કાર, ધાક ધમકી, બળવો, ઈજા, અપહરણ અને હત્યાની કોશીસના ગુન્હાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

નોન કોન્ગીઝેબલ ગુન્હાઓ એટલે પોલીસ અધિકાર બહારના ગુન્હાઓ પોલીસ મેજીસ્ટ્રેટની પરવાનગી વગર ગુન્હાની નોંધણી કે તપાસ કરી શકે નહિ તેમજ આરોપીને પણ પકડી શકે નહિ નોન કોન્ગીઝેબલ ગુન્હાની બાબતમાં પોલીસ અધિકારીઓને મેજીસ્ટ્રેટ દ્વારા આદેશ કરવામાં આવે છે કે તે વિશેષ કાર્યવાહી કરે નોન કોન્ગીઝેબલ ગુન્હાઓ એટલે સામાન્ય પ્રકારના ગુન્હાહો જેમાં જાસુસી, સાર્વજનીક ઉપદ્રવ, ધાર્મીક લાગણી દુભાય તેવા ગુન્હાઓ, લાંચ, ખોટી માહિતી આપવી, બદનક્ષી કરવી, બનાવટ, છેતરપીંડી વિગેરે કરેલ હોય નોન કોન્ગીઝેબલ ગુન્હામાં પોલીસ ફરીયાદ નોંધવાની રહેતી નથી પરંતુ પોતાના રજીસ્ટરે નોંધ કરી ફરીયાદી અરજદારને સબંધીત મેજીસ્ટ્રેટનો સંપર્ક કરવાની સૂચનાઓ આપવામાં આવે છે.

સી. આર. પી. સી. ૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારના એટલે કે કોન્ગીઝેબલ ગુન્હાની ફરીયાદ નોંધવા અંગે પોલીસની જવાબદારીનો ઉલ્લેખ કરવામાં આવે છે. સી. આર. પી. સી. કલમ ૧૫૪(૧) મુજબ કોઈપણ કોન્ગીઝેબલ ગુન્હાની ફરીયાદ લેખીતમાં આવે છે તેને પોલીસ અધિકારીએ વહેલામાં વહેલી તકે ફરીયાદ નોંધવી જોઈએ કલમ ૧૫૪(૧) મુજબ કોઈ ફરીયાદી માહિલા હોય અને બળાત્કાર, છેડતી, માનહાની કે મહિલાના ગૌરવભંગની ફરીયાદ હોય તો પોલીસે આવી ફરીયાદ નોંધતી વખતે વીડિયોગ્રાફિ કરવી પડે છે અને ફરીયાદીનું સી. આર. પી. સી. કલમ ૧૬૪ મુજબ મેજીસ્ટ્રર સમક્ષ નિવેદન લેવામાં આવે છે.

પરંતુ પોલીસ ફરીયાદ લખવાની ના પાડે તો જીલ્લા પોલીસ અધિક્ષક અથવા પોલીસ કમિશ્નરને લેખીતમાં સી. આર. પી. સી. કલમ ૧૫૪(૩) મુજબ ફરીયાદ આપી શકો છો. પોલીસ વડા પોલીસ અધિકારીને એફ.આર.આઈ. નોંધવાની સૂચના આપી શકે છે. કલમ ૧૫૪ અને કલમ ૩૬ મુજબ કોન્ગીઝેબલ ગુન્હાની લેખીત ફરીયાદ નાયબ પોલીસ અધિક્ષક, પોલીસ અધિક્ષક, ડી.આઈ.જી. આઈ.જી. ને કરી શકાય છે પરંતુ આ તમામ વ્યક્તિ ફરીયાદના લેતો સી. આર. પી. સી. કલમ ૧૫૬(૩) મુજબ મેજીસ્ટ્રેટને લેખીતમાં ફરીયાદ આપી શકે છે. મેજીસ્ટ્રેટ પોલીસ અધિકારીને એફ.આર.આઈ. કરવાનો આદેશ આપી શકે છે.

પોલીસને કલમ ૧૫૪(૧) મુજબ દરેક કોન્ગીઝેબલ ગુન્હાની ફરીયાદ લેવાની જવાબદારી છે પરંતુ તે ના પાડે તો ભારતીય દંડ સંહિતાની કલમ ૧૬૬ મુજબ બે વર્ષની સજાને પાત્ર ગુન્હો નોંધી શકાય છે.

જો તમારી કાયદેસરની ફરીયાદ લેવાની પોલીસ ના પાડે તો તેની સામે કલમ ૧૬૬ મુજબ કાયદાની અવગણા કરવા બદલ ગુન્હો નોંધી શકાય છે જેની સજા બે વર્ષની છે.

# 'હરિ ! મને ઝરણ બનાવી ગિરિથી દોડાવ્યો, વળી તમે દરિયો થઈ દીધી દિલે આશ:



WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

**જાગો જાગો રે પ્રાણ, જાગો ધીરે**
**ભારતને ભવ્ય લોગસાગર તીરે**
**રે પ્રાણ, જાગો ધીરે !**

**- ઝવેરચંદ મેઘાણી**

આજના સમયમાં લખનારો, બોલનારો અને અભિવ્યક્તિ કરનારો વર્ગ ખૂબ મોટા પ્રમાણમાં દેખાઈ રહ્યો છે. જયારે સાંભળનારો આખેઆખો વર્ગ જ જાણે ખોવાઈ રહ્યો છે. બધાને કંઈને કંઈ કહેવું છે, ઠાલવવું છે, અંદરથી ખાલી થવું છે પણ કયાં અને કોની પાસે એ એક મોટો મૂંઝવનારો પ્રશ્ન છે. સમાજ માટે કંઈક કરી રહ્યા હોવાનો દેખાવ વધ્યો છે અને કદાચ થોડે-ઘણે અંશે કામ થયું પણ હશે પણ પ્રચાર જે રીતે થઈ રહ્યો છે એ ખરેખર ભયજનક રીતે દંભી છે. શ્રી હરિભાઈ કોઠારીએ એકવાર કહ્યું હતું કે જો એમનું પોતાનું કાંડા-ઘડિયાળ બગડી જાય, તો એ પોતે જ ગાડી ચૂકી જાય અને એમને સહન કરવું પડે. જો ઘરની દીવાલનું ઘડિયાળ બગડી જાય તો ઘરમાં અવ્યવસ્થા થઈ જાય. પણ જો શહેરના ટાવરનું ઘડિયાળ સમય દર્શાવવાનું ચૂકી જાય તો ઘણા લોકોને ઘણું સહન કરવું પડે, કેમ કે ટાવરના ઘડિયાળને સાચું માનીને ત્યાંથી પસાર થતા ઘણા લોકો પોતાના કાંડા - ઘડિયાળનો સમય મેળવતા હોય છે. ટાવરના ઘડિયાળને ખોટકાઈ જવું પરવડે નહીં. તંત્રીઓ, પત્રકારો, કટારલેખકો જો ધારે તો આવાં ઘડિયાળ બનવાની ક્ષમતા ધરાવે છે.

આજના આ મોબાઈલ અને ટેલિવિઝનના યુગમાં શહેરના ટાવર-ઘડિયાળનું કોઈ મહત્ત્વ જો કે રહ્યું નહિ પણ આ આખુંયે રૂપક સમજીએ તો ખ્યાલ આવે કે સોશિયલ મીડિયા અને પ્રિન્ટ મીડિયાની જવાબદારી ખરેખર કેટલી મોટી હોય છે! આ પ્રકારની જવાબદારી આપણા તમામ નાના-મોટા સૌ કોઈ પ્રિન્ટ મીડિયા અને સોશિયલ મીડિયા સાથે સંકળાયેલા લોકો સ્વેચ્છાએ વફાદારીપૂર્વક નીભાવે તો સમાજને એક સાચી દિશા તરફ લઈ જઈ શકાય. શ્રી મુકુન્દરાય પરાશર્ય લખે છે તેમ :

**'હરિ ! મને ઝરણ બનાવી ગિરિથી દોડાવ્યો,**
**વળી તમે દરિયો થઈ દીધી દિલે આશ:**
**હવે હૂં સૂતો ક્યમ રહું ?'**

એક નાના ઝરણામાંથી વિશાળ દરિયા સુધીની આપણી આ સફર દરમિયાન આપણી નૈતિક ફરજ, આપણા મૂલ્યોને જાળવી રાખવા ખૂબ જરૂરી છે. આપણે ત્યાં એક વ્યક્તિ પોતાના નૈતિક મૂલ્યને નેવે મૂકીને અયોગ્ય બાબતને પ્રોત્સાહન આપે ત્યારે તેને વખોડી નાખનાર ધારદાર કોલમીસ્ટની જરૂરિયાત છે. પોતાની કલમને તલવારની માફક ધારદાર રાખી સમાજમાં પ્રવર્તતી બદી વિષે લોકોમાં જાગૃતિ લાવનાર આજે પોતાની જાતને બચાવતા એમ કહે છે કે, 'ફલાણા કટાર લેખકે ફલાણા માફિયાને, એ જાણે દેવનો દીકરો હોય એમ એને પોતાની કટારમાં ચીતર્યો છે. ફલાણા પત્રકારે ફલાણા શેઠને, એ પરદુ:ખભંજક રાજા વિક્રમ હોય એમ પોતાની પેનને અભડાવી છે.' આ પ્રકારના લોકો સમાજમાં હશે ત્યાં સુધી દંભ અને ભ્રષ્ટાચારનું દૂષણ નિવારી શકાશે જ નહીં.

પ્રિન્ટ મીડિયા જેટલું જ અને તેથી પણ વિશેષ મહત્ત્વ આજે સોશિયલ મીડિયા અને ટેલિવિઝન, રેડિયો જેવા માસ-મીડિયાનું છે અને આજે આ તમામ ક્ષેત્રમાં એક મોટી ક્રાંતિ આવી છે એ બાબત ખરેખર પ્રશંશનીય છે, પણ જયારે મીડિયા આ પ્રકારનું કાર્ય કરી રહ્યું હોય ત્યારે એક જાગૃત નાગરિક તરીકે આપણે પણ તેમાં સંપૂર્ણપણે સહકાર આપીએ તે ખૂબ અગત્યની બાબત છે. ગરીબી, ભ્રષ્ટાચાર કે સ્વચ્છતા અને ગ્લોબલ વોર્મિંગ જેવા આકરા દૂષણો સામે લડવામાં આપણે સૌ સાથે મળીને કામ કરીશું તો ચોકક્સપણે એક નવા અને જાગૃત સમાજનું સર્જન કરી શકીશું.

**Last Seen :**

**મહારોગ ને મૃત્યુના સાગરમાં**
**લાખો ચીસ-નિશ્વાસભર્યા જગમાં,**
**સિતમે સળગંત ધરા-તલમાં**
**રસ સુંદરતા કેરી શાયરી છે બધી જાળ સુનેરી ભૂખ્યાં - જનને**
**ત્યારે હાય રે હાય, કવિ ! તુંને શબ્દોની ચાતુરી ગૂંથવી કેમ ગમે !**

**- ઝવેરચંદ મેઘાણી**

- nehalgadhavi101@gmail.com

# ભારતના છ દાયકાથી શરણાર્થી દલાઈ લામાનાં રાજકીય ઉંબાડિયાં





અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

તિબેટના ભારતમાં રાજ્યાશ્રય લઈને દુનિયાભરમાં વિહાર કરનારા બૌદ્ધ ધર્મગુરુ દલાઈ લામા છાસવારે વિવાદસર્જક નિવેદનો કરવા માટે જાણીતા બન્યા છે. હમણાં ભારતની આંતરિક બાબતોમાં દખલ ગણાવી શકાય એવાં ભાગલા સંબંધી નિવેદનો એ કરી બેઠા છે. કાશ્મીર મુદ્દે પણ એમનાથી બોલ્યા વિના રહેવાતું નથી. નિવેદનો કરીને ફેરવી તોળવાની એમની ફાવટ ઘણી વાર ભારત સરકાર માટે પણ મૂંઝવણો સર્જે છે. તિબેટને હવે ચીનનું અંગ સ્વીકારતા થયેલા દલાઈ લામા બીજા ચીન એટલે કે તાઈવાન સાથેના ઘરોબાને કારણે પણ વિવાદમાં રહે છે. આ વખતે સપ્ટેમ્બર મહિનામાં તાઈવાનથી ૬૦૦ જેટલા બૌદ્ધ સાધુઓ દલાઈ લામાની પૂજાઅર્ચના માટે ધર્મશાલા-મૈક્લોડગંજ આવીને રહે કે દલાઈ લામા તાઈવાનની મુલાકાતે વારંવાર જાય એટલે ચીન ગિન્નાય એ સ્વાભાવિક છે. ૮૪ વર્ષના આ ધર્મગુરુએ હમણાં નિવેદન કર્યું છે કે પોતે ૧૧૦ વર્ષ જીવવાના છે.એમના અનુગામી તરીકે મહિલાની વરણી થઈ શકવાની પણ વાત એ કરતા રહ્યા છે. ક્યારેક તિબેટથી ભાગીને ભારત આવી ગયેલા દલાઈ લામા અને એમના અનુયાયીઓ તેમને રાજ્યાશ્રય આપનાર વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુનાં ઓવારણાં લેતાં થાકતા નહોતા. હવે નેહરુ વિશે ટીકા કરવામાં પાછા પડતા નથી. મહાત્મા ગાંધી તો ભાગલાના વિરોધી હતા,મોહમ્મદ અલી ઝીણાને વડાપ્રધાન બનાવીને પણ એમણે ભાગલા ટાળવા હતા, પરંતુ જવાહરલાલ નેહરુની સત્તાપિપાસા થકી ભાગલા પડ્યાનું કહીને પાછું એ ફેરવી તોળે છે. એવું જ હજુ તાજી બીબીસીની મુલાકાત અંગે પણ થયું. થોડા વખત પહેલાં ભારતમાં બે વિરોધાભાસી ઘટનાક્રમ ચાલી રહ્યા હતા: એકબાજુ, સંસદની વિદેશી બાબતોની સ્થાયી સમિતિના અધ્યક્ષ અને કોંગ્રેસી સાંસદ શશી થરુર એ વેળાનાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજને મળીને ડોકાલમ વિવાદ અંગે વિદેશ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલયના નોખા મત સહિતના મુસદ્દાને અભ્યાસ માટે સુપરત કરવાની કાળજી લેતા હતા. બીજી બાજુ, છેલ્લાં ૬૦ વર્ષથી દેશમાં શરણાર્થી તરીકે રાજ્યાશ્રય મેળવીને રહેતા તિબેટના ૧૪મા ધર્મગુરુ દલાઈ લામા વિવાદસર્જક જાહેર નિવેદન કરતા રહ્યા છે. તેમણે વચ્ચે ગોવામાં કહ્યું કે મહાત્મા ગાંધી ભારતના ભાગલા ટાળવા માટે મોહમ્મદ અલી ઝીણાને વડાપ્રધાન બનાવવા તૈયાર હોવા છતાં પંડિત જવાહરલાલ નેહરુની એ પદ માટેની મહેચ્છાએ-લાલસાએ ભારત-પાકિસ્તાનના ભાગલા સર્જ્યા. ઈતિહાસની દ્રષ્ટિએ દલાઈ લામાની વાત ભલે આંશિક રીતે સાચી હોય તો પણ જે શરણાર્થી તરીકે આ દેશમાં વસે છે એમના થકી આવાં રાજકીય અવલોકન ના થઈ શકે. એમને જે શરતે રાજ્યાશ્રય આપવામાં આવ્યો છે,એનું અહીં ખુલ્લેઆમ ઉલ્લંઘન હોવાથી તે અનુચિત લેખાય. અત્રે એ યાદ રહે કે ડોકલામ વિવાદ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળવા જવાના હતા એ પહેલાં રખેને ચીન નારાજ થઈ જાય એવી આશંકાને કારણે સરકારે પ્રધાનોને દલાઈ લામાના કોઈપણ

- **રાજ્યાશ્રય આપનાર વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુનાં ધર્મગુરુ ઓવારણાં લેતા, હવે ટીકા કરવા માંડ્યા**
- **ભારતના સત્તાવાર ક્ષેત્ર ગણાતા પાકના નાપાક કબજા હેઠળના ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં સીપેક હેઠળ બાંધકામ**
- **વડાપ્રધાન વાજપેયી ૨૦૦૩માં ચીનના પ્રવાસે ગયા અને તિબેટને ચીનનું અવિભાજ્ય અંગ જાહેર કરીને આવ્યા**
- **શરણાર્થી તરીકેની શરતો તોડી ગાંધીજીની સત્ય અને અહિંસાની વાતો સાથે જ રાજકીય વિવાદ સર્જક નિવેદનો**

કાર્યક્રમમાં હાજરી આપવાથી દૂર રહેવાના નિર્દેશ આપ્યા હતા. જોકે પાછળથી તેમના મંત્રી મહેશ શર્મા અને ભાજપના રાષ્ટ્રીય મંત્રી રામ માધવ તેમજ કોંગ્રેસ નેતા સત્યવ્રત ચતુર્વેદી દલાઈ લામાના ભારતમાં આગમનનાં ૬૦ વર્ષની ઉજવણીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

**ચોફેરથી ચીનનો ભરડો**

આજે સ્વયં દલાઈ લામા તિબેટને ચીનનું અવિભાજ્ય અંગ સ્વીકારીને પોતાની માતૃભૂમિમાં પાછા જવા ખૂબ ઉત્સુક છે, પણ ચીન એમને ''અત્યંત ખતરનાક ભાગલાવાદી અને રાષ્ટ્રદ્રોહી'' ગણાવે છે; એટલું જ નહીં દુનિયાના બીજા દેશોના શાસકો આ ધાર્મિક નેતાને પોતાને ત્યાં નોતરે કે તેઓ એમને મળે એ સામે પણ બીજિંગ વાંધો લે છે. ભારતની ચોફેર આવેલા દેશોમાં ચીનનો પ્રભાવ એટલો વધતો ચાલ્યો છે કે એકવખતનું હિંદુરાષ્ટ્ર નેપાળ હવે તેનું કહ્યાગરું સેક્યુલર રાષ્ટ્ર બન્યું છે, પાકિસ્તાન એનો ૩૪મો પ્રાંત લેખાય છે, ભૂટાન સૂડી વચ્ચે સોપારીની સ્થિતિ અનુભવે છે, શ્રીલંકા પોતાનાં બંદરો ચીન માટે ખુલ્લાં મૂકે છે, મ્યાનમાર અને બાંગલાદેશ એની સાથે ઘરોબો કેળવી આર્થિક સહાય મેળવે છે અને બટુકડું માલદીવ ભારતને હેલિકોપ્ટર હટાવી લેવા ફરમાવતું થયું છે.મુસ્લિમ બહુલ માલદીવના નવા રાષ્ટ્રપતિ ભલે ભારત તરફી ગણાવાતા હોય,પણ એ ચીનના ઓશિયાળા તો છે જ.

**રાજ્યાશ્રયથી ચીનની ખફગી**

ભારત ૧૯૪૭માં આઝાદ થયું. સ્વતંત્ર દેશ તિબેટની રાજધાની લ્હાસા સાથે દિલ્હીના સંબંધો મધુર હતા.વર્ષ ૧૯૪૯માં માઓ ઝેડાંગના નેતૃત્વમાં ચીનમાં કમ્યુનિસ્ટ ક્રાંતિ થઈ અને સત્તા કબજે કરાઈ હતી.એના બીજા જ વર્ષે તિબેટને પોતાનો પ્રદેશ ગણાવીને ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)ના ૪૦,૦૦૦ સૈનિકોએ તિબેટના માત્ર ૧૨,૦૦૦ સૈનિકોને બાર જ દિવસમાં મહાત આપી તિબેટ કબજે કરી લીધું હતું. એ પછી તિબેટના ધાર્મિક અને શાસકીય નેતા દલાઈ લામા નવ-નવ વર્ષ સુધી ચીનના માઓ શાસન સાથે પોતાના ભાઈને બીજિંગ (એ વેળાના પીકિંગ) પાઠવીને સમાધાનની મંત્રણા કરતા રહ્યા હતા. મામલો એમની ધરપકડ સુધી જવામાં હતો ત્યારે એમણે ભારતના વડાપ્રધાન નેહરુને કરેલી વિનંતીનો સકારાત્મક ઉત્તર મળતાં જ એ અરુણાચલ પ્રદેશના તવાંગ માર્ગે ભારત આવી ગયા હતા. એમના પગલે તેમના ૮૦,૦૦૦ જેટલા બૌદ્ધ શ્રદ્ધાળુઓ પણ ભાગીને ભારત આવ્યા. નેહરુ એમને સામેથી મળવા ગયા. કલાકો સુધી બંનેએ ચર્ચા કરી.ચીનની ખફગી વહોરીને પણ વડાપ્રધાન નેહરુએ દલાઈ લામા અને તેમના અનુયાયીઓને શરણાર્થી તરીકે રાજ્યાશ્રય આપ્યો. એ પછી હિમાચલપ્રદેશના ધર્મશાલામાં તિબેટની પ્રજાના આ સર્વોચ્ચ ધાર્મિક નેતાને અનુરૂપ નિવાસ અને કાર્યાલયની સઘળી વ્યવસ્થા કરી આપી.આજ લગી તેઓ ત્યાં જ વસે છે. દુનિયાભરમાં ભારતના પીળા રંગના ઓળખપત્ર પર તેઓ અને તેમના અન્ય શ્રદ્ધાળુ મુસાફરી કરે છે.

**૧૯૬૨માં ભારતનું નાક કપાયું**

''હિંદી-ચીની ભાઈ ભાઈ''નો રાગ આલાપવામાં વડાપ્રધાન નેહરુથી લઈને તમામ ભારતીય રમમાણ હતા. ભારત સાથેના ચીનના આઠ વર્ષના પંચશીલ કરાર જેવાને પૂરા થવામાં હતા ત્યાં લુચ્ચા ચીને એની જાત દેખાડવાની શરૂઆત કરી. મૈત્રીના જાપ ચાલુ રાખીને જ વર્ષ ૧૯૬૨માં ચીને ભારત પર અણધાર્યું આક્રમણ કર્યું. આ યુદ્ધમાં ભારતની ભારે ફજેતી થઈ. નેહરુને એના આઘાતમાં જ લકવો પડ્યો. એ ૧૯૬૪માં મૃત્યુ પામ્યા. નેહરુની અ મુદ્દે આજ લગી ભારે બેઈજ્જતી કરવામાં આવે છે, પણ આજે પણ ભારત અને ચીન વચ્ચેની સરહદોને અંતિમ સ્વરૂપ અપાયું નથી. ૧૯૬૨માં ભારતની પૂર્વ સરહદની ૯૦,૦૦૦ ચોરસ કિલોમીટર અને આકસાઈ ચીન ક્ષેત્રની ૩૮,૦૦૦ ચોરસ કિલોમીટર જેટલી જમીન ચીને ગપચાવી. એટલું જ નહીં, પાકિસ્તાને ઓક્ટોબર ૧૯૪૭માં ગપચાવેલા જમ્મૂ-કાશ્મીરના વિસ્તારમાંથી બંને દેશોએ મળીને વીસ વર્ષમાં કારાકોરમ હાઈવે બાંધી દીધો.અત્યારે ભારતના સત્તાવાર ક્ષેત્ર ગણાતા પાકના નાપાક કબજા હેઠળના ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં ચાયના-પાકિસ્તાન ઈકનોમિક કરિડોર (સીપેક) હેઠળ માત્ર મહામાર્ગ જ નહીં, ઊર્જા મથકો અને બીજા ઉદ્યોગોનું નિર્માણ થઈ રહ્યું છે. ભારતના આ સામેના વિરોધની ઐસીકી તૈસી કરીને ચીન ગજગામિની રીતે આગળ વધી રહ્યું છે.

**દલાઈ લામાના ઉધામા**

વિશ્વશાંતિ અને માનવાધિકારોનો જાપ કરવા માટે દુનિયાભરમાં મશહૂર બનેલા નોબેલ પારિતોષિક વિજેતા દલાઈ લામા દાયકાઓ સુધી પોતાના ભાઈના વડપણ હેઠળ અને સંયુક્ત રાષ્ટ તથા અન્ય માનવ અધિકાર સંઘો મારફત તિબેટમાં ચીન થકી આચરવામાં આવી રહેલા અત્યાચારો સામે લડત ચલાવી. ઝાઝું કશું ઉકાળી શક્યા નથી.ચીને તિબેટને દેખાડા પૂરતું સ્વાયત્ત ગણાવ્યું છે,પણ હકુમત તો ચીની લશ્કરની જ ચાલે છે.બાકી હતું તે ભારત ભણીની સરહદે તિબેટમાં લશ્કરી જમાવટ વધારી દીધી છે.બૌદ્ધ પ્રજા સાથે ચીનની હાનવંશી પ્રજાનું મિશ્રણ વધારી દેવાયું છે. વિશ્વનો છતપ્રદેશ લેખાતા તિબેટ સુધી રેલવે પહોંચાડીને ચીન હવે નેપાળ સુધી એને લંબાવવામાં છે. ભારતની ઉત્તર સરહદે જોખમ વધી રહ્યાં છે. તિબેટવાસીઓ અને દલાઈ લામાની છેલ્લી આશા જનસંઘ અને એના નવા અવતાર ભાજપમાં હતી. જોકે વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી વર્ષ ૨૦૦૩માં ચીનના પ્રવાસે ગયા એ વેળા તિબેટને ચીનનું અવિભાજ્ય અંગ જાહેર કરીને આવ્યા એટલે હવે તિબેટની સ્વતંત્રતા કે સ્વાયત્તતાનો પ્રશ્ન અભેરાઈએ ચડી ગયો છે.

**ભારતમાં તિબેટી શરણાર્થી**

અનુસંધાન પાના નં ૭ પર